Healthier Together

Improving the health of children and young people

Institute of Health Visiting

Excellence in Practice

# મારું બાળક શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવે છે - 3 મહિનાથી નાના બાળકો

**લાલ**

**જો તમારું બાળક નીચેનામાંથી કોઈ પણ બાબત ધરાવતું હોય:**

- ફિક્કા પડી જાય, ધબ્બા પડી જાય અને અડવાથી અસાધારણ રીતે ઠંડા લાગે
- તેઓ શ્વાસ લેતી વખતે વચ્ચે 10 સેકંડથી વધુ સમય સુધી અટકી જતા હોય, તેઓ શ્વાસ બહાર કાઢે ત્યારે દરેક વખતે **અસ્પષ્ટ** અવાજ કરતા હોય અથવા હોઠ ભૂરા હોય
- અક્કડ કે કડક થઈ જાય અથવા વારંવાર હાથ કે પગનું આંચકાયુક્ત હલનચલન કરે, જે તમે તેમને પકડો તો પણ અટકે નહિ (વાઈ કે આંચકી)
- અતિશય ઉશ્કેરાઈ જાય (ધ્યાન બીજે દોરવા છતાં આશ્વાસન ન આપી શકાય તે રીતે રડે), ગૂંચવાઈ જાય અથવા ખૂબ સુસ્ત બની જાય (જગાડવા મુશ્કેલ બની જાય)
- એવી ફોલ્લીઓ થાય કે જે દબાવવાથી દૂર થાય નહિ (‘**ગ્લાસ ટેસ્ટ**’)
- 38°સે / 100.4°ફે અથવા તેથી વધુ તાપમાન સાથે 3 મહિનાથી ઓછી ઉંમર ધરાવતા હોય (સિવાય કે રસીકરણ પછી 48 કલાક સુધી તાવ આવતો હોય અને અન્ય કોઈ લાલ કે પીળી વિશેષતાઓ ન હોય)

**તમારે તાત્કાલિક મદદની જરૂર છે.**

સૌથી નજીકના હોસ્પિટલ ઈમરજન્સી (A&E) ડિપાર્ટમેન્ટ પર જાવ અથવા 999 પર ફોન કરો



© Institute of Health Visiting 2022

પીળો

**જો તમારું બાળક નીચેનામાંથી કોઈ પણ વિશેષતાઓ ધરાવતું હોય:**

- સતત ઝડપી શ્વાસ લેવા સહિત શ્વાસ લેવામાં મુશ્કેલી; શ્વાસ લેતી વખતે તેમના નસકોરા પહોળા થાય અથવા તેમની **પાંસળીની નીચેના સ્નાયુઓ અંદર જાય**
- ખોરાક લેવામાં રસ ન ધરાવતા હોય અને/અથવા શરીરમાં પાણી ઓછું થઇ ગયેલું લાગે (મોં સુકાવું, આંખો ઊંડી ઉતરી જવી, આંસુ ન આવવા, ઘેનમાં હોવા, છેલ્લા 8 કલાકમાં બાળોતિયાં ભીના ન કરવા અથવા તાળવું પોચું પડી જવું (માથામાં પોચો ખાડો પડવો)
- ઘેન (વધુ પડતી ઊંઘ આવવી) માં અથવા ચીડિયા (તેમને રમકડાંથી, ટીવીથી, ખાવાનું આપીને કે તેડીને શાંત ન પાડી શકાતા હોય) રહેતા હોય – ખાસ કરીને તેમનો તાવ ઓછો થઇ જવા છતાં તેઓ ઘેનમાં કે ચીડિયા રહેતા હોય
- સ્થિતિ વધુ બગડતી જાય અથવા જો તમને ચિંતા થતી હોય

**તમારે આજે જ તમારા ડૉક્ટર અથવા નર્સનો સંપર્ક કરવાની જરૂર છે..**

કૃપા કરીને તમારા GP સર્જરીને ફોન કરો અથવા NHS 111 પર કૉલ કરો - 111 ડાયલ કરો

અમે જાણીએ છીએ કે વર્તમાન કોવિડ-19 ની કટોકટી દરમિયાન પરાકાષ્ઠાના સમયે સ્વાસ્થ્ય સંભાળ વ્યવસાયિકને મળવામાં વાર લાગી શકે છે. જો લક્ષણો 4 કલાક કે તેથી વધુ સમય સુધી ચાલુ રહે અને તમે તમારા GP પ્રેક્ટિસના સ્ટાફના સભ્ય કે NHS 111 સ્ટાફ સાથે વાત ન કરી શક્યા હો તો ફરીથી તપાસ કરો કે તમારા બાળકે લાલ વિશેષતાઓ ન વિકસાવી હોય.

લીલું

**જો ઉપરની વિશેષતાઓમાંથી કોઈ પણ ન હોય**

બાળક તેમનો શ્વાસ લેતી વખતે થોડી સેકંડ સુધી અટકી જાય અથવા ટૂંકા સમયગાળા સુધી ઝડપથી શ્વાસ લે તે સામાન્ય છે. 6 અઠવાડિયાંની ઉંમર સુધીમાં તેમની શ્વાસ લેવાની રીત વધુ નિયમિત હોવી જોઇએ.

નવજાત બાળકના રડવા વિશે અને કઇ રીતે સામનો કરવો તે અંગે વધારાની માહિતી ઉપલબ્ધ છે – **અહીં** ક્લિક કરો.

**સ્વ-સંભાળ**

તમારા બાળકની ઘર પર સંભાળ લેવાનું ચાલુ રાખો. જો તમને હજુ પણ તમારા બાળક વિશે ચિંતા હોય તો તમારા સ્વાસ્થ્ય મુલાકાતી, **સ્થાનિક ફાર્માસિસ્ટ** નો સંપર્ક કરો અથવા NHS 111 પર કૉલ કરો – 111 ડાયલ કરો

Translated by: Newham Language Shop
Peer reviewed date:
Request:


© Institute of Health Visiting 2022